આકાશવાણી ભુજ

સમાચાર વાચક : જાગૃતિ વકીલ

ડીઇઓ : પ્રદિપ ચાવડા

તારીખ : **03-10-2024** સમય : સાંજે **6.25** વાગ્યે

---

## **PM : નવરાત્રિ શુભેચ્છાઓ**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને આજથી શરૂ થતી નવરાત્રિની શુભેચ્છા પાઠવતા સોશિયલ મીડિયામાં એક પોસ્ટ દ્વારા જણાવ્યું હતું કે, શક્તિની ઉપાસના માટે સમર્પિત એવો આ પવિત્ર તહેવાર દરેક માટે શુભ સાબિત થાય. આ સાથે પ્રધાનમંત્રીએ પ્રથમ નવરાત્રિ શૈલપુત્રીને સમર્પિત ગીતનું વીડિયો પણ શેર કર્યો હતો.

**N.P./ જાગૃતિ વકીલ**

---

## કેન્દ્રીયમંત્રી : અમદાવાદમાં

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે કહ્યું કે, મહાત્મા ગાંધી પછી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વચ્છતાને લોક ચળવળ બનાવી અને લોકોમાં સ્વચ્છતાની સંસ્કૃતિ કેળવવામાં ઘણું યોગદાન આપ્યું.

શ્રી શાહ અમદાવાદ ખાતે 470 કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટના ઉદ્ઘાટન અને શિલાન્યાસ બાદ સભાને સંબોધન કર્યું હતું.

**RNU અમદાવાદ**

--------------------------------------------------------------------

## CM : કચ્છ મુલાકાતે

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આવતીકાલે બપોરે ૩ કલાકે ગાંધીનગરથી હવાઈ માર્ગે ભુજ એરપોર્ટ આવી પહોંચશે ત્યારબાદ બપોરે હેલિકોપ્ટર મારફતે માતાના મઢ પહોંચી કચ્છના દેશદેવી મા આશાપુરાના દર્શન કરશે ત્યાંથી ૪ વાગ્યે માંડવી પહોંચી ડિજિટલ મ્યુઝિયમનું લોકાર્પણ કરશે. મુખ્યમંત્રીના કચ્છ પ્રવાસને લઈ જિલ્લા વહીવટી તંત્ર અને કચ્છ જિલ્લા ભાજપા સંગઠનમાં તૈયારીઓનો ધમધમાટ જોવા મળી રહ્યો છે.

ગુજરાતના મુખ્યમંત્રી આવતી કાલે કચ્છના માંડવી ખાતે રૂ. ૧૧૭ કરોડના વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમૂહૂર્ત કરશે.

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની જુથ સુધારણા યોજનાઓ, ૬૬ કે.વી. સબસ્ટેશનો, તથા આરોગ્ય અને શિક્ષણ વિભાગના વિકાસ કામોનો ઉદ્ઘાટન કરશે. આમાં કુલ ૬ કામોનું ઈ-ખાતમૂહૂર્ત અને ૯ કામોનું ઈ-લોકાર્પણ થશે.

વિકાસ માટેના આ પ્રોજેક્ટો પૈકી ભુજ ખાતે રૂ. ૮.૧૬ કરોડના મોડલ ફાયર સ્ટેશનનું પણ ઈ-ખાતમૂહૂર્ત થશે.

માહિતી ખાતુ

------------------------------------------------------------------------

## નવરાત્રિ પર્વ : કચ્છ

નવરાત્રિ પ્રસંગે ભક્તોનાં ધસારાને ધ્યાનમાં લઈને રાજ્યના પ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજી, પાવાગઢ અને ચોટીલા મંદિર ખાતે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે તો કચ્છના કુળદી મા આશાપુરાના સ્થાનક માતાનાં  મઢ ખાતે જાગીર અધ્યક્ષ રાજા  બાવા યોગેન્દ્ર સિંહજીના હસ્તે ગઈ રાતે ઘટસ્થાપન વિધિ કરવામાં આવી હતી. આજથી રાત પડતાં જ ગામે ગામ,શેરીએ શેરીએ ગરબા ગરબી  શરૂ થતાં વાતાવરણ ગાજી ઉઠશે. અબાલ વૃદ્ધ સહુ આ પર્વ ઉજવવામાં વ્યસ્ત બનશે. હાલ વરસાદે વિરામ લેતા સમગ્ર રાજ્ય સાથે જિલ્લા મથક ભુજમાં પણ ખેલૈયાઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. લોકો નવરાત્રિ ઉલ્લાસથી માણી શકે તે માટે પશ્ચિમ અને પૂર્વ કચ્છ એમ બે વિભાગમાં પોલીસ દ્વારા ખાસ બંદોબસ્ત ગોઠવાયો છે. મહિલા પોલીસની ટીમ ગરબા આયોજનમાં ચાપતી નજર રાખશે. તે સાથે તમામ તાલુકા મથક અને ગામડાઓમાં રાત્રિ દરમિયાન સતત પોલીસનું પેટ્રોલિંગ રાખવામાં આવશે.

દેશ દેવી મા આશાપુરાના માતાના મઢ ખાતે અત્યાર સુધી ચાર લાખ જેટલા ભાવિકોએ શીશ નમાવ્યું છે. અને હજુ પણ દર્શનાર્થીઓનો

પ્રવાહ ચાલુ છે. અહીં આવતા પદયાત્રીઓ માટે વન વિભાગ દ્વારા પ્રથમ વખત મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ.

**N.P./ જાગૃતિ વકીલ**

---------------------------------------------------------------------

## સેવા સેતુ : ભુજ

રાજ્યના પ્રજાજનોના વ્યક્તિગત પ્રશ્નો અને સેવાઓ તેમના રહેઠાણના નજીક સ્થળે, એ જ દિવસે પ્રાપ્ત થઇ શકે તેવા ઉમદા હેતુને ધ્યાને લઈ નગરપાલિકા કક્ષાએ ૧૦મા તબક્કાનો 'સેવાસેતુ' કાર્યક્રમ યોજવા નક્કી કરવામાં આવ્યું છે. ભુજ નગરપાલિકા દ્વારા વોર્ડ નંબર ૭થી ૧૧ના નાગરિકો માટે સેવાસેતુ કાર્યક્રમ આવતીકાલે તારીખ ચાર ઓક્ટોબરે રાજપૂત સમાજવાડી, રઘુવંશી ચોકડી પાસે, ભુજ ખાતે સવારના નવથી સાંજે પાંચ કલાક સુધી રાખવામાં આવ્યો છે. નાગરિકોની અરજીઓ આધાર પુરાવા સાથે બપોરે બે વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે. એવું અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

**N.P./ જાગૃતિ વકીલ**

---------------------------------------------------------------------

## રાપર : તાલુકા પંચાયત સામાન્ય સભા

તાલુકા મથક રાપર ખાતે આજે તાલુકા પંચાયત કચેરીના સભા ખંડમાં તાલુકા પંચાયતની સામાન્ય સભા તેમજ કારોબારી સમિતિની

બેઠક મળી હતી. બેઠકમાં તાલુકાને મૂંઝવતા પાણી રસ્તા સહિતના પ્રશ્નોના ઉકેલ લાવી સુદ્રઢ સવલત પુરી પાડવા અંગે ચર્ચા વિચારણા કરાઈ હતી. તાલુકા પંચાયત પ્રમુખ કેશરબેન બગડા અને કારોબારી ચેરમેન જયદીપસિંહ જાડેજાના અધ્યક્ષ સ્થાને આ બેઠક મળી હતી.

સામાન્ય બેઠકમાં તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટે વિવિધ કામો જેવા કે, તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં આંગણવાડી, આરોગ્ય, શિક્ષણ, રસ્તા, પાણી અને સફાઈ સહિતના વિવિધ પ્રકારના પ્રશ્નોના ઉકેલ માટેની કામગીરી અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. બેઠકમાં ગ્રામ્ય વિસ્તારોમાં વિવિધ પ્રકારના મુદા તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, વીજળી તથા રેવન્યૂ વિસ્તારમાં વિવિધ પ્રશ્નોની ચર્ચા પણ કરવામા આવી હતી.

**N.P./ જાગૃતિ વકીલ**

-------------------------------------------------------------------

## ખરીફ પાક : ઓનલાઇન રજિસ્ટ્રેશન

ભારત સરકાર દ્વારા ખરીફ ૨૦૨૪-૨૫માં મગફળી, મગ, અડદ અને સોયાબીન માટે પ્રતિ ક્વિન્ટલ ટેકાનો ભાવ જાહેર કરવામાં આવ્યો છે, જે અંતર્ગત ખરીફ સિઝનમાં ટેકાના ભાવે વેચાણ કરવા માગતા હોય તેવા ખેડૂતોનું ઓનલાઇન રજિસ્ટ્રેશન તા.૩ ઓક્ટોબરથી તા. ૩૧ ઓક્ટોબર સુધી ગ્રામ્ય કક્ષાએ ઇ-ગ્રામ કેન્દ્રો ખાતેથી ઇ-સમૃદ્ધિ પોર્ટલ પર કરાવી શકાશે. સદરહુ પાકોની પ્રાઇઝ સપોર્ટ સ્કીમ હેઠળ ટેકાના

ભાવે ખરીદી આગામી તા. ૧૧ નવેમ્બરથી શરૂ કરવામાં આવશે, જેની તમામ ખેડૂતમિત્રોએ નોંધ લેવી તેવું એક યાદીમાં જણાવાયું છે.

**N.P./ જાગૃતિ વકીલ**

----------------------------------------------------------------------

## કંડલા પોર્ટ મોકડ્રીલ

કચ્છના દીનદયાળ પોર્ટ ખાતે પોલીસ, સીઆઈએસએફ, એસઓજી, મરીન ટાસ્ક ફોર્સ, ઇન્ટેલિજન્સ યુનિટ્સ અને ચેતક કમાન્ડો ફોર્સ દ્વારા સંયુક્ત રીતે  મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું.

પૂર્વ આયોજન પ્રમાણે દરિયાઈ માર્ગે ખાડીમાંથી આતંકવાદીઓએ કંડલા પોર્ટમાં ઘૂસવા માટે એક બોટને બંધક બનાવી હતી. ક્રિકમાં શંકાસ્પદ એક્ટિવિટી જોતા જ સીઆરપીએફનું પેટ્રોલિંગ યુનિટ સક્રિય થયું હતું.

માહિતી ખાતુ

----------------------------------------------------------------------